અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ માં, મુ. અમદાવાદ.

ફોજદારી કેસ નં. ૭૫૮૯૫/૨૨

........................

આંક– ........................

ફરીયાદી : સરકાર આંક

વિ.

આરોપી :– મહેન્દ્ર ક્રિષ્નાજી ગુજર,

..............................................,

..............................................

ગુનો :– <u>ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩, ૧૮૧મુજબ.</u>

**–: ઠ રા વ : –**

(૧) આ કામે આરોપી વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત ગુના મુજબના ગુનાની ફરીયાદ થયેલ છે, જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજતા કોર્ટમાં હાજર થયેલ હોઈ, તેઓને કેસની નકલો આપવામાં આવેલ. આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે અને તેનો સદરહુ ગુના અંગે જવાબ / પ્લી લેવામાં આવેલ છે, જેમાં તેઓએ પોતાનો ગુનો કબુલ કરેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોઈ , દયા કરવા કોર્ટને નમ્ર અરજ કરેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–: હુ ક મ : –**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબના ગુના બદલ રુ. ૨૦૦/– (અંકે રુપિયા બસ્સો) પુરા દંડ, દંડ ના ભરે તો દિન–૪ (ચાર) ની સાદી કેદની સજા તથા મોટર વ્હીકલ એકટ ની કલમ–૩, ૧૮૧મુજબના ગુના માટે રુ. ૨,૦૦/– (અંકે બસ્સો પુરા) દંડ, દંડ ના ભરે તો દિન–૪ (ચાર)ની સાદી કેદની સજા કરવામા આવે છે.

કુલ દંડ રુ. ૪૦૦/– (અંકે રુપિયા ચારસો પુરા)

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા/સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.
તારીખ:–૧૩/૦૮/૨૨

(પારસકુમાર વિનોદરાય ભટ્ટ),
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
જીજે૦૦૯૪૮